ગાંધીનગર સમાચાર

## જન્મદિને વધામણી



વસંતભાઈ ગઢવી
કમિશનર, આરટીઆઈ
મો. ૯૯૭૮૪ ०૬૧૩०



નીલ સોલંકી



ભરત કવિ 'ઊર્મિલ'
કવિ અને પ્રમુખ, ગાંધીનગર સાહિત્ય સભા
મો. ૯૪૨૬૪ ૧૫૭૨૭



હેમાંગ પટેલ



નિરવી રવિ પટેલ
મો. ૯૯૭૪૭ ૬૫૯૫૬



રેનીશ વેકરીયા



ચિરાગ ઝાલાવાડીયા



નીરવ મેણપરા



નીતા જયેન્દ્ર સોની
ફોન : ૨૩૨૪૪૬૯૭



આકાશ જાદવ



જૈનમ પી ઘેડિયા
મો. ૯૭૨૩૮ ૪૪૧००

### વાચકોને વિનંતી

'જન્મદિને વધામણી' વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાના જન્મદિને પ્રગટ કરવા તસવીર મોકલાવી શકે છે, પરંતુ આ તસવીર જન્મદિવસ હોય તે અગાઉના દિવસે બપોરે ૧ વાગ્યા સુધી જ સ્વીકારવામાં આવશે. વાચકો ઈચ્છે તો અગાઉથી તસવીર ગાંધીનગર સમાચાર કાર્યાલયને મોકલાવી શકે છે.

-સંપાદક





સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી એમ બી પટેલ કન્યા પ્રાથમિક શાળાની વિદ્યાર્થીનીઓ રાજ્ય સરકાર દ્વારા આયોજિત ખેલ મહાકુંભમાં વર્ષ ૨૦૧૫-૧૬ના ઍથ્લેટીક્સ વિભાગની જૂદી-જૂદી સ્પર્ધાઓમાં વિજયી બની હતી. ઊંચી કૂદમાં યાત્રી પટેલ, ઈશા વાઘેલા પ્રથમ સ્થાને, અરબીના સૈયદ બીજા સ્થાને, લાંબી કૂદમાં શેફાલી વાઘેલા પ્રથમ, ગોળાફેંકમાં ખુશી પ્રજાપતિ બીજા, લાંબી કૂદમાં રીયા પ્રજાપતિ ત્રીજા, ૧૦૦ મીટર દોડમાં પીનલ ભાભોર ત્રીજા સ્થાને વિજેતા બન્યાં હતાં તથા શાળાની કબડ્ડીની ટીમ જિલ્લા કક્ષાએ પ્રથમ સ્થાન મેળવી રાજ્ય કક્ષાની સ્પર્ધા માટે પસંદ થઈ છે. શાળાનાં આચાર્યા નીરૂબેન જે પટેલે તમામ વિદ્યાર્થીનીઓને અભિનંદન પાઠવી આગામી રાજ્યકક્ષાની સ્પર્ધા માટે શુભેચ્છા પાઠવી છે.

# પ્રજાસત્તાક દિવસની રાજ્યકક્ષાની પરેડમાં ઍનઍસઍસની રાજ્ય ટીમ તૃતિય ક્રમાંકે







ગાંધીનગર, તા. ૧૧

ગીર સોમનાથ ખાતે પ્રજાસત્તાક દિનની રાજ્યકક્ષાની ઉજવણીમાં રાજ્યની ઍનઍસઍસ ટીમે પ્રથમ વાર જ પરેડમાં ભાગ લીધો હતો અને ૩૬ ટીમો પૈકી તૃતિય સ્થાન પ્રાપ્ત કર્યું હતું. ઍનઍસઍસની આ ટીમનું નેતૃત્વ કડી સર્વ વિશ્વવિદ્યાલયના પ્રોગ્રામ કો-ઓર્ડિનેટર ડૉ. રણછોડ રથવીએ કર્યું હતું. ટીમના મૅનેજર તરીકે લીંબડી આર્ટ્સ કૉમર્સ કૉલેજના પ્રોગ્રામ ઑફિસર પ્રો. કિશોરભાઈ ભેસાણીયા હતા. આ ટીમના કુલ ૪૦ સભ્યોમાંથી ત્રણ સભ્યો કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન ગાંધીનગરની શ્રી અશ્વિનભાઈ એ પટેલ કૉમર્સ કૉલેજના વિદ્યાર્થીઓ હતા : જયવીરસિંહ વાઘેલા, કાજલ વૈષ્ણવ અને વિકાસ રાજગોર.

વિદ્યાર્થીઓને આ સિદ્ધિ બદલ પ્રોગ્રામ ઑફિસર ડૉ. રણછોડ રથવી અને કડી સર્વ વિશ્વવિદ્યાલયના પ્રમુખ વલ્લભભાઈ પટેલ, ડિરેક્ટર ડી ટી કાપડિયા, કૉલેજનાં પ્રિન્સિપાલ ડૉ. વિજ્ઞા ઓઝાએ અભિનંદન પાઠવ્યા હતા. ઉલ્લેખનીય છે કે આ વિજેતા ટીમને ટ્રૉફી અર્પણ કરીને તેનું સન્માન ગુજરાત રાજ્યના રાજ્યપાલ તથા મુખ્યમંત્રીના હસ્તે કરવામાં આવ્યું હતું.



નવી દિલ્હી ખાતે આયોજિત સીબીઍસઈ નૅશનલ લેવલ સાયન્સ ઍન્ડ મૅથ્સ ઍક્ઝીબિશનમાં હિલવૂડ સ્કૂલ, ગાંધીનગર ખાતે ધોરણ-૯માં અભ્યાસ કરતા ગાયત્રી કુમાર, શિવાનુ રાવત અને નિશ્ચય જોષીએ ગુજરાતનું પ્રતિનિધિત્વ કર્યું હતું. મૅથ્સમાં 'મૅથ્સ ફૉર ઈક્વાલિટી ઈન લાઈફ' અને સાયન્સમાં 'રિસોર્સ મૅનેજમૅન્ટ' થીમ અનુસંધાને તેમણે પોતાનાં પ્રોજેક્ટ રજૂ કર્યા હતા.

## બાશ્રી વસંતકુંવરબા પ્રાથમિક શાળાનું ગૌરવ વધારતો વિદ્યાર્થી : નિબંધ સ્પર્ધામાં તૃતિય સ્થાને વિજેતા

ગાંધીનગર, તા. ૧૧

સ્વામી વિવેકાનંદની ૧૫૩મી જન્મજયંતિ નિમિત્તે ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી દ્વારા આયોજિત નિબંધ લેખન અને વક્તૃત્ત્વ સ્પર્ધામાં જિલ્લાની શાળાઓના ૪૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. સૅક્ટર-૨૮ ખાતે સ્થિત બા શ્રી વસંતકુંવરબા પ્રાથમિક શાળાના ધોરણ-૮ના વિદ્યાર્થી મોક્ષ જયંતિલાલ ચૌધરીએ વક્તૃત્વ સ્પર્ધામાં તૃતિય ક્રમ મેળવીને શાળાનું ગૌરવ વધાર્યું હતું.


શિક્ષિકા અવનીબેન કવૈયાએ મોક્ષને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. આચાર્ય તથા શાળા પરિવારે મોક્ષને અભિનંદન પાઠવ્યા હતા.

## મનોરંજન

### સિટી પલ્સ

**સ્ક્રીન-૧**
ફિતૂર
૧૨.૪૫, ૩.૩૦, ૬.૪૫, ૧૦.૦૦
**સ્ક્રીન-3**
સનમ રે
૩.૦૦
ડેડપોલ (અંગ્રેજી-એ)
૧૨.૩૦, ૭.૪૫
ડેડપોલ (હિન્દી-એ)
૫.૩૦, ૧૦.૦૦
**સ્ક્રીન-૪**
સનમ રે
૧૦.૦૦
ઘાયલ વન્સ અગેઈન
૧.૦૦, ૯.૪૫
પોલમ્પોલ (ગુજ.)
૪.૦૦
ઍરલિફ્ટ
૭.૧૫
**સ્ક્રીન-૫**
ફિતૂર
૧૦.૦૦, ૫.૧૫
સનમ રે
૧૨.૩૦, ૭.૪૫, ૧૦.૦૦
ઘાયલ વન્સ અગેઈન
૨.૪૫

### ૫૫ વર્ષ પહેલાં લખાયેલી કવિતા



સૅ. ૨૨, ગાંધીનગરના રહેવાસી શ્રી અમૃતલાલ ઠક્કર વર્ષો પહેલાં પોતાના કૉલેજકાળ દરમ્યાન વિસનગરમાં ચાલતી કવિસભામાં જતા ને ત્યારે 'આશ્લેષ હાલાણી' એવા નામથી કવિતા પણ કરતા. કવિતા રસિકોમાં એ નામ જાણીતું. આજે ૫૫ વર્ષ પછી એ સમયે તેમના દ્વારા લખાયેલી અને સંસ્થાના મુખપત્રમાં પ્રકાશિત થયેલી કવિતા એમણે ખાસ 'ગાંધીનગર સમાચાર'ના વાચકો માટે મોકલી છે. એને સાભાર સ્વીકારીએ છીએ.

- સંપાદક

### વસંતનાં વધામણાં

વસંત આવે, વસંત આવે,
મલકાતી છલકાતી રેલે,
નવલી નવપરણેતર આવે,
ગુલાલ ગાલ, પાયલ તાલે,
વસંત આવે,
ઉષાના રંગોમાં રમતી,
ચંપ, ગુલ, કેસૂડાં ધરતી
ફૂલડે ફૂલડે ફોરમ ભરતી
યૌવનની નવ લહેરો વરતી
વસંત આવે,
ફર-ફર ફરકે ફાગણ રોયો,
વસંતને એ સિદનો ભાયો ?
પંચમ તાલે, કોકિલ ગાને !
મધમધતા મ્હોરેલા આંબે
કેલી કરતી કોકિલ ટહુકે
ડાળીડાળી ભ્રમરો ગુંજે
રસિકજનોનાં ચિત્ત હરતી,
વસંત આવે, વસંત આવે !

# વાણી, વિદ્યા ને સંગીતની દૈવી સરસ્વતીની ઉપાસનાનું પર્વ એટલે વસંત પંચમી

## જે મહત્ત્વ સૈનિકો માટે પોતાનાં શસ્ત્રો અને વિજયાદશમીનું છે, જે મહત્ત્વ વિદ્વાનો માટે પોતાનાં પુસ્તકો અને વ્યાસ પૂર્ણિમાનું છે, જે મહત્ત્વ વેપારી માટે પોતાનાં ત્રાજવાં, બાટ, વહીખાતા અને દિવાળીનું છે એ જ મહત્ત્વ કલાકારો માટે વસંત પંચમીનું છે





પ્રસંગસર
કુંતલ નિમાવત

સૃષ્ટિના પ્રારંભિક કાળમાં ભગવાન વિષ્ણુની આજ્ઞાથી બ્રહ્માએ જીવોની - ખાસ કરીને મનુષ્યનું સર્જન કર્યું, પરંતુ પોતાનાં સર્જનથી તેઓ ખુશ ન હતા. એમને એમ થયા કરતું હતું કે પોતાના સર્જનમાં હજુ કંઈક ખામી રહી ગઈ છે જેના કારણે ચારે તરફ મૌન છવાયેલું રહે છે. વિષ્ણુની અનુમતિથી બ્રહ્માએ પોતાના કમંડળમાંથી છળનો છંટકાવ કર્યો, આ જળ પૃથ્વીને સ્પર્શ કરતાં જ પૃથ્વીમાં હળવું કંપન પેદા થયું. એ પછી વૃક્ષોની વચ્ચે એક અદ્ભૂત શક્તિનું પ્રાગટ્ય થયું, જે ચતુર્ભુજવાળી એક સુંદર સ્ત્રી હતી. એના એક હાથમાં વીણા હતી અને બીજો હાથ મુદ્રામાં હતો. અન્ય બે હાથમાં પુસ્તક અને માળા હતી. બ્રહ્માએ દેવીને વીણા વગાડવાનો અનુરોધ કર્યો. જેવો દેવીએ વીણાનો મધુર નાદ કર્યો, સંસારના સમસ્ત જીવ-જંતુઓને વાણી પ્રાપ્ત થઈ ગઈ. જલધારામાં કોલાહલ સંભળાવા લાગ્યો. પવન ચાલવાનોય સર-સર અવાજ આવવવા લાગ્યો. બ્રહ્માએ એ દેવીને વાણીની દેવી સરસ્વતી નામ આપ્યું. સરસ્વતીને બાગીશ્વરી, ભગવતી, શારદા, વીણાવાદની અને વાગ્દેવી જેવાં અનેક નામોથી ઓળખવામાં આવે છે. એને વિદ્યા અને બુદ્ધિની પ્રદાતા માનવામાં આવે છે. સંગીતની ઉત્પત્તિ કરવાને કારણે એ સંગીતની દેવી પણ કહેવાય છે. વસંત પંચમીનો દિવસ એ સરસ્વતીના જન્મદિવસ તરીકે ઉજવવામાં આવે છે.

વસંત પંચમી એટલે વિદ્યાની દેવી સરસ્વતીની ઉપાસનાનો દિવસ. પૂર્વ ઉપરાંત પશ્ચિમોત્તર ભારત, બાંગ્લાદેશ, નેપાળ જેવા દેશોમાં આ પર્વનું ઘણું મહત્ત્વ છે. આ દિવસે સ્ત્રીઓ પીળાં વસ્ત્રો ધારણ કરે છે.

શાસ્ત્રોમાં વસંત પંચમીનો ઉલ્લેખ ઋષિ પંચમી તરીકે પણ છે. પુરાણ તથા કાવ્યોમાં પણ અનેક જગ્યાએ એનો ઉલ્લેખ જોવામાં આવ્યો છે.

ઋગ્વેદમાં સરસ્વતીનો ઉલ્લેખ 'પરમ ચેતના' તરીકે કરીને તેને આપણી બુદ્ધિ, પ્રજ્ઞા અને મનોવૃત્તિઓની સંરક્ષક માનવામાં આવી છે. એમાં કહેવાયું છે કે આપણામાં જે આચાર અને મેધા છે તેનો આધાર ભગવતી છે.

પુરાણોમાં એવોય ઉલ્લેખ છે કે શ્રીકૃષ્ણે ખુશ થઈને સરસ્વતીને વરદાન આપ્યું હતું કે વસંત પંચમીના દિવસે તમારી પણ આરાધના થશે અને આ રીતે ભારતમાં વસંત પંચમીને દિવસે સરસ્વતીની આરાધનાનો પ્રારંભ થયો, જે આજદિન સુધી કાયમ છે.

પ્રાચીન ભારતમાં આખા વર્ષને છ ઋતુઓમાં વહેંચવામાં આવતું હતું, જે પૈકી વસંત એ લોકોની સૌથી પ્રિય ઋતુ હતી. જ્યારે છોડ પર ફૂલો ઊગી નીકળતા, ખેતરોમાં સરસવરૂપે સોનું ચમકવા લાગતું, ઘઉંનાં ડૂંડાં ખીલવા લાગતાં, આંબા પર મોર મ્હોરી ઊઠતા, રંગ-બે-રંગી પતંગિયા દેખાવા લાગતાં ત્યારે લોકો જાણી જતાં કે વસંત ઋતુ આવી ગઈ છે. વસંત ઋતુને વધાવવા માટે મહા મહિનાના પાંચમા દિવસે એક મોટો ઉત્સવ ઉજવવામાં આવતો, જેમાં વિષ્ણુ અને કામદેવની પૂજા કરવામાં આવતી, એ જ વસંતપંચમી.

હજારો વર્ષ પહેલાં આ દિવસે ચીનમાં પતંગ ઉડાડવાનો રિવાજ પણ શરૂ થયો હતો, જેનો અલબત્ત પુરાણોમાં કોઈ ઉલ્લેખ નથી. એ પછી આ રિવાજ કોરિયામાં પણ શરૂ થયો અને જાપાન થઈને ભારત સુધી પહોંચ્યો હોવાની પણ એક માન્યતા પ્રવર્તે છે.

વસંત ઋતુના આગમન સાથે જ પ્રકૃતિનું કણેકણ ખીલી ઊઠે છે. માનવી તો માનવી, પશુ-પક્ષીઓ પણ ઉલ્લાસથી ચહેકી ઊઠે છે. વસંત પંચમી એ જ્ઞાનના ઉપાસકો માટે તો મોટો તહેવાર છે જ, પરંતુ ખાસ કરીને કલાકારો માટેય એ સૌથી મહત્ત્વનો તહેવાર છે. જે મહત્ત્વ સૈનિકો માટે પોતાનાં શસ્ત્રો અને વિજયાદશમીનું છે, જે મહત્ત્વ વિદ્વાનો માટે પોતાનાં પુસ્તકો અને વ્યાસ પૂર્ણિમાનું છે, જે મહત્ત્વ વેપારી માટે પોતાનાં ત્રાજવાં, બાટ, વહીખાતા અને દિવાળીનું છે એ જ મહત્ત્વ કલાકારો માટે વસંત પંચમીનું છે. ભલે પછી એ કલાકાર લેખક હોય, ગાયક હોય, અભિનેતા હોય કે નૃત્યકાર હોય - આ દિવસનો આરંભ સૌ કલાકાર પોતાનાં ઉપકરણોની પૂજા અને મા સરસ્વતીની વંદનાથી કરે છે.

આ પર્વનો સંબંધ ત્રેતા યુગ સાથે પણ માનવામાં આવે છે. રાવણ દ્વારા સીતાના હરણ બાદ શ્રીરામ સીતાની શોધમાં દક્ષિણ દિશા તરફ આગળ વધે છે, એ દરમ્યાન તેઓ દંડકારણ્યમાંથી પસાર થાય છે, જ્યાં શબરી સાથે તેમનું મિલન થાય છે ને રામ શબરીનાં એંઠાં બોર ખાય છે. આ ઘટનાને અનેક ભક્તો, ગાયકો, સાહિત્યકારોએ પોતપોતાની રીતે વર્ણવી છે ને ભગવાન-ભક્ત વચ્ચેના સંબંધો માટે તેનું અનન્ય મહત્ત્વ છે. દંડકારણ્યનો આ વિસ્તાર મધ્યપ્રદેશ અને ગુજરાતમાં છે. ગુજરાતના ડાંગ જિલ્લામાં એ સ્થાન મોજૂદ છે, જ્યાં શબરીનો આશ્રમ હતો. વસંત પંચમીને દિવસે રામ શબરીને આંગણે પધાર્યા હતા. આ ક્ષેત્રના વનવાસીઓ આજે પણ એક શિલાનું પૂજન કરે છે, જેના માટે એમને અતૂટ શ્રદ્ધા છે કે શ્રીરામ આવીને અહીં બેઠા હતા. અહીં શબરી માતાનું મંદિર પણ છે.

વસંત પંચમીનો દિવસ પૃથ્વીરાજ ચૌહાણની પણ યાદ અપાવે છે, જેણે સોળ વખત મહંમદ ઘોરીને યુદ્ધમાં હરાવ્યો હતો અને સત્તરમી વખત તેના હાથે માત ખાધી હતી ને ઘોરીએ એની આંખો ફોડી નાંખી હતી. એ ઘોરીની કેદમાં રહ્યો હતો ને એક વખત એણે પોતાનું શબ્દવેધી બાણ એણે મહંમદ ઘોરીની છાતીમાં ઉતારી દીધું હતું. આ દિવસ વસંત પંચમીનો હતો.

વસંત પંચમીનો સંબંધ લાહોર નિવાસી હિન્દુ વીર હકીકત સાથે પણ છે, જેના માથે બીબી ફાતિમાનું અપમાન કરવાનો ખોટો આરોપ લગાવવામાં આવ્યો હતો. એને ફરમાન કરવામાં આવ્યું કે કાં તો એ ઈસ્લામ ધર્મ અંગિકાર કરી લે અથવા સજા માટે તૈયાર રહે. હકીકતે સજા પસંદ કરી અને સજા મળી મૃત્યુદંડની. એનું ગળું કાપવા માટે તલવાર તો ચલાવાઈ, પરંતુ ગળું કપાઈને શિશ ધરતી પર ન પડ્યું, એ ઊડીને સીધું સ્વર્ગમાં ગયું.

આ ઘટના વસંત પંચમીને દિવસે (૨૩.૭.૧૭૩૪) બની હતી. પાકિસ્તાનમાં આજે પણ હકીકતના આકાશગામી શિશની યાદમાં વસંત પંચમીના દિવસે પતંગ ઉડાડવાનો રિવાજ છે. હકીકત લાહોરનો નિવાસી હતો તેથી લાહોરમાં પતંગ ઉડાડનારાઓની સંખ્યા સૌથી વધુ હોય છે.

વસંત પંચમી એ કૂકા પંથના સ્થાપક ગુરુ રામસિંહ કૂકાની યાદ પણ અપાવે છે, જેમનો જન્મ આ દિવસે થયો હતો. ગૌરક્ષા, સ્વદેશી, નારી ઉધ્ધાર, આંતરજ્ઞાતિય લગ્નો, સમૂહ લગ્નો જેવી બાબતોનો પ્રચાર, પ્રસાર કરવા માટે ગુરુ રામસિંહજીનું નામ ખૂબ સન્માનથી લેવાય છે.

